वर्ष : २३ सने : २०२४ सं.२०८१
अंक : ६, સળંગ અંક-१३५ मागशर-दिसम्बर

Published on Date 22 every month

# ધર્મદૂત (માસિક)

વર્ષ : ૨૩ સને ૨૦૨૪ સં.૨૦૮૧

અંક : ૬ માગશર-ડિસેમ્બર સળંગ અંક-૧૩૫



: લેખક - પ્રેરક :

જ્ઞાનનિધિ, ચારિત્રરત્ન, પૂજ્યપાદ

**પંન્યાસશ્રી પદ્મવિજયજી ગણિવરના**

પ્રથમ શિષ્યરત્ન પૂજ્યપાદ

ધર્મતીર્થપ્રભાવક, ગચ્છસ્થવિર,

અખંડબાલબ્રહ્મચારી, સિદ્ધાંતસંરક્ષક,

આચાર્યદેવ શ્રીમદ્

**વિજયમિત્રાનંદસૂરીશ્વરજી મહારાજા**

: માનદ સંપાદક :

અને

: પત્ર વ્યવહાર :

રાજેશ બી. શાહ

જી-૨૦૪, ઇન્દ્રપ્રસ્થ-૫, પ્રહ્લાદનગર

ગાર્ડન સામે, એચ.ડી.એફ.સી. બેન્કની

લાઈનમાં, સુરધારા બંગ્લોઝ પાસે,

પ્રહલાદનગર, અમદાવાદ-૧૫.

(M) 9925012355



: લવાજમ :

**વાર્ષિક રૂ. 151-00**

**આજીવન રૂ. 1000-00**

**પેટ્રન રૂ. 2000-00**


આ અંકમાં.....


★ કર્મવિપાક ચિંતન અષ્ટક-૪

★ અહો નવકાર...

★ પત્ર દ્વારા પાથેય

★ વસતીદાન : પુણ્યનો પ્રકાર-૧


## આર્ષવાણી

**अपात्रे रमते नारी,**

**गिरो वर्षति माधवः।**

**नीचमाश्रयते लक्ष्मीः,**

**प्राज्ञः प्रायेण निर्धनः।।**

મોટે ભાગે અપાત્રમાં નારી રમતી જોવા મળે છે. પર્વતના શિખર પર વરસાદ વચ્ચે છએ. લક્ષ્મી નીચ કુળમાં જન્મેલાનો આશ્રય કરે છે અને બુદ્ધિશાળી પ્રાયઃ નિર્ધન હોય છે.

મુનિવરોને વસતી આપનાર ગૃહસ્થ દુસ્તર સંસારસમુદ્રને તરે છે, તેથી તેને 'શય્યાતર' (શય્યાથી તરનારો) કહેવાય છે. - સંવેગરંગશાળા





**વિવરણ : પૂ.આ.ભ.શ્રીમદ્ વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજા**

જડ ગણાતું કર્મ, ચૈતન્યશક્તિ ધરાવતા જીવને કેવા કડવા-મીઠા અનુભવો કરાવે છે ? સામાન્ય માનવાદિ જીવોને નજરે ન જોવા મળતી આ કર્મ નામની ચીજ જગતમાં અને જીવોમાં કેવી ઊથલ-પાથલ સર્જે છે ? જીવોનાં ગતિ-જાતિ, જ્ઞાન-અજ્ઞાન, સુખ-દુઃખ, રાગ-દ્વેષ, ઊંચ-નીચ, સાજો-પાંગળો, નબળો-સબળો, બુદ્ધિશાળી-બુદ્ધુ, અમીર-ગરીબ, રાય-રંક, સ્વામી-સેવક, ખુશી-ગમ, હર્ષ-શોક, આનંદ-ઉદ્વેગ વગેરે દ્વંદ્વોનું સર્જન આ પુણ્યકર્મ અને પાપકર્મને જ આભારી છે. કર્મ જ હસાવે છે તો કર્મ જ રડાવે છે.

મહેલના ઝરુખામાં બેસાડનાર કર્મ જ છે તો જેલના સળિયા પાછળ ધકેલનાર પણ કર્મ જ છે. આવાં કર્મના વિપાકોનાં રહસ્યોને જાણનારા યોગીજીવો-મુનિવરો શુભ-અશુભકર્મના ઉદયમાં શું કરે ? ન તેઓ અનુકૂળતાના સમયે આનંદ-ઘેલમાં આવી જતા... તો નથી પાપના ઉદયે આવતી પ્રતિકૂળતાના સમયે અકળાતા.

આવા મુનિવર્યો કર્મની સૃષ્ટિનાં ઊંડાણમાં ગયેલા.. કર્મવિપાક નામના ધર્મધ્યાનના અભ્યાસવાળા, પુણ્યકર્મનો ઉદય હોય કે પાપકર્મનો ઉદય હોય... તેઓ તો કર્મની નિર્જરા જ કરે છે. સુખમાં (પુણ્યના ઉદયમાં) છકી જનારો જીવ દુઃખમાં દીનતાવાળો બની જઈ નવાં પાપનો બંધ કરે છે.

મુનિજનો કે જે વાસ્તવિક યોગની સાધના કરતા હોવાથી તેઓને યોગી તરીકે ઓળખાવાય છે અને નવાજાય છે... આવા યોગીઓ કર્મસૃષ્ટિનાં રહસ્યોને જાણવાના યોગે ત્યાં રતિ-આસક્તિ કરતા નથી. તેથી તેઓ ક્ષણે ક્ષણે વૈરાગ્યની વૃદ્ધિ કરતા રહે છે. વૈરાગ્ય રાગ અને દ્વેષ : બંનેથી દૂર રાખે છે. આ જ કારણે આ યોગીજનો સમયે સમયે કર્મની નિર્જરા કરનારા બને છે. બાકી સંસારી જીવો પુણ્ય-કે પાપઃ બંનેના ઉદયકાળે નવાંનવાં કર્મો ઉપાર્જ્યા જ કરે છે.

આ જ વાતને પૂ. મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજા પોતે પણ યોગી હોવાના નાતે અનુભવ અને ચિંતનના નિચોડરૂપે ચોથો શ્લોક બતાવે છેઃ

**विषमां कर्मणः सृष्टि-र्दृष्टा करभपृष्ठवत्।**

**जात्यादिभूतिवैषम्यात्, का रतिस्तत्र योगिनः ?।।४।।**

**ભાવાર્થઃ** કોઈ નીચજાતિમાં જન્મે, કોઈ ઊચ્ચ જાતિમાં જન્મે, કોઈ રાજા બને તો કોઈ રંક બને, કોઈ બુદ્ધિનિધાન પાકે તો કોઈ મૂર્ખશિરોમણિ...આવી ભિન્ન ભિન્ન કર્મની સૃષ્ટિ(રચના) ઊંટની પીઠ જેવી વિષમ(અસમાન) છે, આવી સ્થિતિને

જાણનારા યોગી જીવો એમાં પ્રીતિ ક્યાંથી કરે ? એમાં તેઓને આનંદ ક્યાંથી આવે ? મતલબ, ન જ આવે...૪.

માનવ ધારે છે કાંઈક ને થાય છે કંઈક અલગ જ ! આનું કારણ છે કર્મની વિષમતા. ત્યારે જ કહેવત પડી કે - **કર્મ કરે સો હોય... કર્મ કરે તે થાય**... તે જ રીતે બાંધેલાં કર્મો ભોગવ્યા સિવાય છૂટકો નથી. આગમનું સૂત્ર એ જ કહે છેઃ

**कडाण कम्माण न मोक्खो अत्थि।**

ચૌદ રાજલોક સ્વરૂપ વિશ્વમાં જીવને ઉપરની ટોચે લઈ જઈ સહુથી નીચેના ક્ષેત્રમાંય આ કર્મસત્તા પટકી દે છે. અને ઠેઠ નીચે ગયેલાને તે જ રીતે ઉપરના ક્ષેત્રમાંય લઈ જાય છે... પછી ભલે ને તે એકેન્દ્રિયમાં જ હોય... એ જ રીતે રાજા-મહારાજા કે ચક્રવર્તીનું પદ આપીને ત્યાંથી વેદનાના મહાસાગર જેવી સાતમી નરકપૃથ્વીમાં ધકેલી દે છે. પ્રથમ ત્રણ નરકપૃથ્વીમાંથી નિકળેલા જીવને તીર્થંકરની સર્વશ્રેષ્ઠ પદવી પણ એ આપે છે... પરંતુ એક વાર તો બાંધેલાં કર્મો ભોગવવા નરકનાં દર્શન કરાવી દે છે. નારકીના સ્વરૂપમાં કેદ કરી લે છે.

કર્મના અટપટા ખેલ સમજવા મોટા પંડિતો માટેય કઠિન છે. દુનિયાના ધનિકોને, બુદ્ધિશાળીઓને આંટી મારનારા પણ કર્મસત્તા સામે માથું ટેકવી દે છે. તેનું પાણી ઊતરી જાય છે. અભિમાનનો ગ્રાફ સટાક્ કરતાં નીચે આવી જાય છે. ચક્રવર્તીના શરીરમાંય ૧૬-૧૬ મહારોગો એક સાથે ઉત્પન્ન કરી આપે છે. તો ચક્રવર્તીને અંધ પણ બનાવી દે છે ! રિસાઈ ગયેલી ઈન્દ્રાણીને મનાવવાના કામે ઈન્દ્રને લગાડી દે છે ! હવેલીના સાતમા માળે ચઢાવીને આનંદ-પ્રમોદ પણ કરાવે છે તો તે જ વ્યક્તિને જંગલમાં રઝળતો ને યાતના ભરી દયનીય દશામાંય ધકેલી દે છે.

કવિ શ્રી માન વિ.મ.સ્તવનમાં જણાવ છે કે - 'કર્મ નચાવે તિમ હી નાચત, માયા વશ નટ ચેરી....' કર્મ તો કેવાં કેવાં નાચ નચાવે તેનો તાગ મેળવવાનું કાર્ય મુશ્કેલ છે. ભલભલાના જીવનમાં ક્યારે વળાંક આવે તે જ્યોતિષીઓ પણ કહી શકતા નથી. અતીન્દ્રિયજ્ઞાની પુરુષો જ એ અટપટી રમતને જાણી શકે છે. કારણ, તેઓ માટે પ્રત્યક્ષ જ્ઞાનનો આ વિષય બને છે. પરોક્ષજ્ઞાની માટે કર્મના કોયડા ઊકેલવા અઘરા છે.

કર્મસત્તા વિવિધ નેપથ્યમાં ભિન્ન ભિન્ન નાચ નચાવે જ રાખે છે. પછી ભલેને એની ફજેતી થાય... આવી તો ફજેતી આ કર્મરાજાએ લગભગ દરેક ભવમાં ઓછા-વધતા અંશે કરી જ છે. કોઈ ગતિ-કોઈ જાતિ કે કોઈ જગ્યા બાકી નથી રાખી. જગતના જીવો કોઈને પરચો બતાવે કે ન બતાવે પરંતુ કર્મરાજા પોતાનો



પરચો અવશ્ય બતાવે. કેટલીક વાર એ મોહની મદિરા પીવડાવીને હાલત બગાડે તો ક્યારેક અજ્ઞાનતા ભવાડો કરાવે છે. વળી, ક્યારેક નીચગોત્રના ઉદય થકી બદનામી થાય છે તો ક્યારેક અંધાપા વગેરે ઈન્દ્રિયોની ખોડ-ખાંપણથી શરમજનક સ્થિતિમાં મૂકાવું પડે છે. ક્યારેક પુરુષરૂપે-સ્ત્રીરૂપે કે નપુંસકરૂપે જન્મ આપીને કર્મસત્તાએ છેડતી કરી... ક્યારેક મિથ્યાત્વથી વાસિત બનાવી સુદેવ-સુગુરુ-સદ્ધર્મથી દૂર રાખી દીધો. ક્યારેક દેવના ભવ આપી ત્યાંથી જાનવર બનાવીને અપમાનજનક સ્થિતિમાં મૂકી દીધો.

ક્યારેક તેણે કંઈકના માથા ફોડી નાંખે એવી તાકાત આપીને પછી શેક્યો પાપડ પણ તોડી ન શકાય એવો નિર્બળ બનાવી દીધો ! આ રીતે ઘણા પાઠ ભણાવવા છતાં ને અનાદિકાળથી આવી હાલતમાં હોવા છતાં તે ગણિતને ન સમજનારા જીવો વારંવાર તેનો ભોગ બનતા જ રહ્યા ! ક્યારેક પાખંડી બનીને મેં કેટલાકને ઠગ્યા તો વળી ક્યારેક પાખંડીઓ અને ધુતારાઓએ મને ઠગ્યો ! જે જે પાપ કર્યાં તેનાં ઓછામાં ઓછાં દશગણાં પરિણામ ભોગવવા પડ્યાં.

આ કર્મરાજાએ એક વાર રૂપાળો માનવનો દેહ આપ્યો, ત્યારબાદ કાળા મોંઢાવાળા ચપળ-વાંદરાનો જન્મ આપ્યો. એક વાર રૂપવતી કન્યા બનાવીને પ્રેમી દ્વારા પોતાની ઈચ્છા પૂરી ન થતાં મુખાદિ શરીર પર એસિડ છંટકાવ્યો ! મને કદરૂપી બનાવી દીધી ! કોઈક વાર દેવાંગનાનો જન્મ આપ્યો...ને અન્ય દેવદ્વારા અપહરણ કરાવ્યું. કોઈક વાર કિલ્બિષિક દેવનો અવતાર આપી કચરો વળાવવો, ઢોલ વગાડવા જેવી હલકી ક્રિયાઓ કરાવી. ક્યારેક પરમાધામી દેવ બનાવી, નારકીઓને વેદના-પીડા આપવા દ્વારા આનંદ કરાવી... પછી ત્યાંથી સીધો જલચર માવન(અંડગોલિક) બનાવી ૧૨-૧૨ મહિના સુધી વજ્રજેવી ઘંટીમાં પિસાવ્યો !! મહાવેદનાનો શિકાર બનાવ્યો. ક્યારેક પ્રમાદના માધ્યમથી મજા લેવડાવીને નરક-નિગોદાદિના જન્મોની ઘોર યાતનાવાળી ભવ પરંપરા લમણે ઝીંકી !

આવી કર્મસત્તાની જોહુકમી-ગુલામીના જાણકાર મુનિવરો-યોગીઓ માટે જ તો પુણ્યના યોગે મળનારી સામગ્રીમાં લેપાતા નથી... કારણ, ત્યારબાદ તેનાં પરિણામો કેવાં ખતરનાક આવે છે, તેની સ્પષ્ટ જાણકારી તેઓએ મેળવી લીધી છે. માટે જ આ શ્લોકમાં કહ્યું કે - જાતિ વગેરેના વિષમપણામાં તેઓ પ્રીતિ કરતા નથી.

અહીં કર્મની વિષમતાને ઊંટની પીઠ સાથે સરખાવી છે. **'ઊંટના અઢાર વાંકા'** કહેવત તો છે જ પરંતુ અહીં તેની ઉપમા આપીને વિશેષ આંખ ખોલાવવાનો પ્રયત્ન કર્યો છે. ઊંટની પીઠ બીજા બધા જાનવરો કરતાં વધુ ઊંચી-નીચી અને ત્રાસદાયક હોય છે. એના વળાંક વિવિધ હોય છે. એ પીઠ પર બે બાજુ ખીણ ને

વચ્ચે પર્વત હોય તેવો ઘાટ હોય છે. તિર્યંચોમાં પણ સહુથી ખરાબ રૂપ ઊંટનુ જ ગણાય છે. તે રીતે જગતની વિચિત્રતાઓમાં સૌથી વધારે વિચિત્રતા કર્મની ગણાય છે.

ઊંટ પર જો મુસાફરી કરવાનો મહાવરો ન હોય તો સવારી કરનારની કમ્મર તૂટી જાય છે. તેનાં મણકા ખસી જાય છે. તેની કમ્મર અને પીઠ ડેમેજ થઈ જાય છે. કર્મના વિપાકો સમભાવે ભોગવતાં ન આવડે તો જીવના અનેક જન્મોના પરિભ્રમણ સાથે તેનું ભવિષ્ય બદતર બની જાય છે. જરૂર પડે લાખો-કરોડો જ નહીં... અસંખ્ય કે અનંત જન્મની પરંપરાય ઊભી થઈ જાય છે. યોગીઓ પાસેથી જો કર્મની પીડા સમભાવે ભોગવી લેવાની કળા શીખી લેવામાં આવે તો ભવભ્રમણમાંથી કાયમ માટે છૂટકારો મળી જાય છે.

અહીં ગાથામાં 'યોગીઓને એમાં રતિ-પ્રીતિ-આનંદ- ક્યાંથી હોય' તેમ જણાવ્યું છે, તેનાથી અર્થઘટન એવું સમજાય છે કે- પુણ્યના ઉદયકાળમાં જેમ પ્રીતિ-આસક્તિ ન હોય તેમ પાપના ઉદય કાળમાં-પ્રતિકૂળ સંયોગોમાં અપ્રીતિ-ખેદ પણ ન હોય... સુખનો રાગ જેમ ખરાબ છે તે જ રીતે દુઃખનો દ્વેષ પણ તેટલો જ ખતરનાક કહેવાય છે. માટે જ યોગીઓ રાગ-દ્વેષથી પર રહેવાનો જ પ્રયત્ન કરતા હોય છે. તેથી જ પુણ્યનો ઉદય હોય કે પાપનો ઉદય હોય ... સમભાવમાં રહે છે. માત્ર ને માત્ર કર્મની નિર્જરાનું જ તેઓનું લક્ષ્ય હોય છે.

કર્મનો નિકાલ કરવા, તેનો હિસાબ ચૂક્તે કરવાના ઉદ્દેશથી જ તેઓ કષ્ટકારી સંયમજીવન અપનાવે છે, શાસ્ત્રનું વાક્ય હૃદયમાં કોતરાઈ ગયું હોય છે.**कष्टार्थं दीक्षा।** મુનિવરો તો વગર બોલાવે આવેલી પીડાને સહજભાવે-પ્રસન્નતા પૂર્વક સ્વીકારે જ છે... સાથે સાથે દુઃખને સામેથી આમંત્રણ આપે છે, બોલાવે છે. તેઓ ક્યારેય દુઃખથી ભાગતા નથી. હા, પાપથી જરૂર ભાગે છે. દુઃખને તો મીઠો આવકાર આપે છે ! મુનિવરો-યોગીજનો જગતના જીવો માટે કમળનાં પાંદડા કરતાંય કોમળ હોય છે પરંતુ જાત માટે વજ્ર કરતાંય કઠોર બની જતા હોય છે. જાતની સાચી ચિંતા કરનારા તેઓ અન્ય જીવોનો પણ એટલો જ વિચાર કરતા હોય છે.

જગતની સાચી ચિંતામાંથી જ 'સવિ જીવ કરું શાસન રસી' ની ભાવનાને શ્રીતીર્થંકર પરમાત્માના જીવોનાં પૂર્વના ત્રીજા ભવે હૃદયમાં સ્થાન મળે છે. ચિંતામાંથી જ કરુણાનો જન્મ થાય છે. આ કરુણા નિઃસ્વાર્થ હોવાના કારણે જ સર્વજીવનો એ ભાવનામાં સમાવેશ થાય છે. ઉપર ગાથામાં જણાવેલા યોગીઓમાં ભગવાનનોય સમાવેશ છે જ. સમ્યગ્જ્ઞાન આવ્યા પછી (પાયામાં સમ્યગ્દર્શન હોવાથી) જગતને અને જાતને જોવાની દૃષ્ટિ બદલાઈ જાય છે. ભૌતિકલક્ષી દૃષ્ટિ



હવે આત્મલક્ષી થઈ જાય છે. આત્માલક્ષી જીવ જ યોગીની કક્ષામાં આવી શકે છે. આત્મલક્ષ્મી જીવન જીવવાવાળા જીવો પોતાનું તો કલ્યાણ કરે જ ... સાથે તેમના જીવનમાંથી, ઉપદેશાદિમાંથી અનેક જીવો પ્રેરણા લેતા હોય છે. તેથી અનેક જીવોના કલ્યાણનું કારણ પણ બને છે. આવા યોગી જીવોને લાખ લાખ વંદન.

નિરાધાર પૃથ્વી, આવા ધર્મી-યોગી જીવોના આધારે જ ટકી રહી છે. એમના ધર્મના પ્રભાવે આ પૃથ્વી આડી-અવળી થતી નથી. નહીંતર આટલી વિશાળકાય અને વજનદાર પૃથ્વી કોઈપણ આધાર વગર ક્યાંથી ટકી શકે ? **(ક્રમશઃ)** ધ

## ★ અહો નવકાર...૧ ★★★

**આલેખન : પૂ.આ.ભ.શ્રીમદ્ વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજા**

અનાદિ કાળથી ચાલ્યો આવતો અને અનંતકાળ રહેનારો એક માત્ર શાશ્વત મંત્રાધિરાજ છે નવકાર ! આનો મહિમા સામાન્ય મતિજ્ઞાન અને અલ્પ શ્રુતજ્ઞાન ધરાવતી વ્યક્તિ ક્યાંથી વર્ણવી શકે ? આના મહિમાનું ગાન તો કેવલજ્ઞાની પણ ન કરી શકે ? કારણ, તેઓના જ્ઞાનના આલોકમાં મહિમા સ્પષ્ટ હોવા છતાં કહેવા માટે આયુષ્ય ઓછું હોય છે. આનો મતલબ એ છે કે તેમનું આયુષ્ય ગમે તેટલું લાંબુ હોય તોય એ મહિમાને પૂરો વર્ણવી શકતા નથી.

નવકારના મહિમાને સમજવા માટે; કેટલીક ઘટનાઓ-પ્રસંગો સુંદર કામ કરી શકે છે. કથાનકોનાં માધ્યમથી આબાલ-ગોપાલ સહુ સહેલાઈથી એ સમજી શકે છે. કથાનક કોને પસંદ નથી ?... તો ચાલો, કથાનકના માધ્યમથી એ મેત્રાધિરાજના મહિમાને સમજી આપણા હૃદય મંદિરમાં એ મંત્રાધિરાજની પ્રતિષ્ઠા કરી લઈએ. દિલને એની પવિત્ર સુવાસથી મહેંકાવી દઈએ.

**શિવકુમાર :** રત્નપુર નગરમાં યશોભદ્ર નામનો શ્રાવક નિવાસ કરી રહ્યો છે. ક્યારેક **'દેવતાના દીકરા કોયલા'** એ કહેવત મુજબ બાપ અને દીકરાની દિશા વિરુદ્ધ પણ હોય છે. અહીં પણ એવું જ બન્યું. આ યશોભદ્ર પિતાને સાતે વ્યસનોમાં આસક્ત શિવકુમાર નામે પુત્ર હતો. ઉત્તમ શ્રાવકને આ વાત ક્યાંથી પસંદ હોય ? પિતાએ એ પુત્રને સમજાવવામાં ક્યાંય કચાશ નથી રાખી. ઘણી-ઘણી રીતે સમજાવ્યો. પરંતુ પિતાના તમામ પ્રયત્નો નિષ્ફળ ગયા. વ્યસની પુત્ર બાપનું ય નામ બગાડે છે. એના કારણે અવસરે બાપને નીચું જોવાનો સમય આવે છે. સાત વ્યસન તો શ્રાવકના કુળને જ નહીં, માનવતાનેય કલંક આપનાર છે. આ લોક-પર લોકઃબંનેને બગાડનાર છે. વ્યસન શબ્દનો એક અર્થ દુઃખ થાય છે. વ્યસન સેવતાં ભલે જીવને આનંદ થતો હોય પરંતુ પાછળ તો દુઃખના ડુંગરો જ ખડકાય છે. એ ડુંગરો નીચે તે દબાય છે ને રિબાય છે. સામાન્ય દુઃખ પણ જીવને ગમતું નથી, તો દુઃખોની-

પીડાની વણઝાર ચાલી આવે તે ક્યાંથી પસંદ આવે ?

સમયનાં વહેણ આગળ વધતાં ગયાં. કાળ કોઈની રાહ જોતો નથી. સમયની સાથે જગતમાં અને જીવનમાં પરિવર્તન પણ આવતાં જ રહે છે. પરિવર્તનનાં પ્રકારો અગણિત છે. દિવસ-રાતના પરિવર્તનની જેમ જીવન પરિવર્તન અને જન્મ-ભવ પરિવર્તન પણ આ કાળના પ્રભાવે જ થાય છે. આ પરિવર્તનો ક્યારેક આનંદદાયક હોય છે તો ક્યારેક દુઃખ દાયક પણ હોય છે. આનંદની ક્ષણો રાગ અને આસક્તિના કારણે પાપ બંધાવે છે તો દુઃખની ક્ષણો દ્વેષ અને અરતિના પાપથી જીવને દૂષિત બનાવી દે છે! હા, જો એની પાસે સમભાવને જ જન્મ આપનાર વીતરાગ પરમાત્માનાં અમોઘ વચનો હોય તો બંને તરફ બચાવી લે છે. સમભાવ ને સમતાભાવના યોગે જીવ ક્યારેક તો વૈરાગ્યવાસિત પણ બની જાય છે. વૈરાગ્યના પ્રભાવે જીવ સંસારને અલવિદા કરી, સંયમનો માર્ગ અપનાવી કર્મક્ષય દ્વારા મુક્તિની મંજિલ તરફ આગળ વધે છે. રાગ-દ્વેષાદિ કરનારો જીવ દીર્ઘકાળ સુધી સંસારની વિવિધ ગતિ અને જાતિરૂપ ગલીઓમાં ભટક્યા જ કરે છે !

સરકતા સમયમાં યશોભદ્ર શ્રાવકને પોતાનો અંતકાળ નજીક દેખાયો.મૃત્યુ નજીક આવી રહ્યું છે, એવો અણસાર આવી ગયો. છેલ્લે-છેલ્લે પણ દીકરા તરફની લાગણીના કારણે તેને બોલાવ્યો. પાસે બેસાડ્યો. ખૂબ જ હેત ને વાત્સલ્યભાવે તેને કહ્યું : બેટા! તારા જીવનમાં ક્યારેય પણ કોઈ આકસ્મિક સંકટ આવી પડે... દુઃખ કે પીડા ઉપસ્થિત થાય ત્યારે પંચ પરમેષ્ઠીના નમસ્કાર રૂપ મંત્રનું સ્મરણ કરજે. દાક્ષિણ્યતાના કારણે પિતાની આ વાત દીકરાએ માન્ય રાખી. જીવનભર આપેલી હિતશિક્ષા તેના મગજમાં ન ઊતરી પણ પરલોકગમનની ક્ષણો નજીક હતી ત્યારે પિતાએ આપેલી શિખામણ મગજ પર લીધી. વળી, આ શિખામણમાં કાંઈ ત્યાગ કરવાનો નહોતો. કોઈ તપ કરવાનો નહોતો. માત્ર **'સંકટ સમયની સાંકળ'** જેવી વાત હતી. તેથી સ્વીકારવામાં બાધ પણ ન લાગ્યો.

થોડા જ સમયમાં પિતા નવકારના સ્મરણ સાથે પરલોક સિધાવી ગયા. પિતાની હાજરીમાં તો પૈસા માંગવા પડતા... ક્યારેક મળે, ક્યારેક નય મળે. જુગારાદિ વ્યસનો માટે ધનનો વ્યય તો થાય જ. પિતાજીના ગયા પછી તેના ઉપર નિયંત્રણ ન રહ્યું. રોક-ટોક ન રહી. સ્વચ્છંદતા વધતી ગઈ. પિતાની સંપત્તિનો માલિક પોતે જ બની ગયો. લક્ષ્મી જો ગુણ હોય તો સારાં કામ કરાવે.દુર્ગુણ હોય તો એ જ લક્ષ્મી પાપોપાર્જન કરાવે. વ્યસની માનવને વળી સુકૃત ક્યાંથી યાદ આવે ? પાપી જીવના હાથમાં આવેલી લક્ષ્મી-સંપત્તિ તેને વધુ ને વધુ પાપના માર્ગે ધકેલી દે છે. એ જ રીતે શિવકુમારના જીવનમાં બન્યું. બેરોક-ટોક સ્વચ્છંદ બનેલો શિવકુમાર સંપત્તિને વ્યસનોની આગમાં હોમી રહ્યો છે. સંપત્તિને આવતાં વાર



લાગે છે. જતાં ક્યાં વાર લાગે છે ?

બંગલા કે હવેલી ઊભાં કરતાં ને એમાં રહેવા જતાં વર્ષો વીતી જાય... ત્યાંથી રોડ ઉપર આવતાં તો મહિનાઓ પણ નથી લાગતા ! જોત-જોતામાં શિવકુમાર નિર્ધન થઈ ગયો. દરિદ્રતાનો ભોગ બન્યો. ક્યારેક તો દરિદ્રાવસ્થા મોતને સારું કહેવડાવે તેવી હાલત ઊભી કરી દે છે. ભિખારી બનાવી દે છે. ભિખીરીને ડગલે ને પગલે અપમાનિત થવું પડે છે. બધા જ તેને હડધૂત કરે છે. **મળેલી લક્ષ્મીનું જે દાન નથી કરતો તેને ભવિષ્યમાં ભિખારી થવું પડે છે.** ભીખ માંગવામાં લાજ-શરમને નેવે મૂકવી પડે છે. લાંબો હાથ કરી જેને-તેને કરગરવું પડે છે. સામી વ્યક્તિના દિલમાં દયા ઉપજાવવા માટે કેવાં-કેવાં વચનોનું ઉચ્ચારણ કરવું પડે છે ! ગમે તેટલો ધનાઢ્ય હોય પણ જ્યારે આપવાની વાત આવે ત્યારે મન જલદી તૈયાર થતું નથી. ગાયને દોહવી હોય તો આંચળ પંપાળવા પડે છે ને! તે જ રીતે અહીં કાકલુદી કરવી પડે છે. કર્મસત્તા તેને ' નમ્ર' બનાવી દે છે. **આ નમ્રતા ગુણ રૂપ નથી હોતી, એ મજબૂરી નામના દોષરૂપ હોય છે.**

નિર્ધન બનેલા શિવકુમારને હવે કોઈનું શરણું શોધવું રહ્યું. ધનવાનનો સંગ સૌ કોઈ કરે... નિર્ધનનો સંગ કોણ ઈચ્છે ? ધનવાનને સંગ શોધવા નથી જવું પડતું, જ્યારે નિર્ધનને સંગ શોધવા છતાં જલદી મળતો નથી. મળે તો સમજવું એ કોઈ ધુતારો કે સ્વાર્થી હશે. એવો માણસ દરિદ્રતાના દુઃખમાં ઘટાડો ન જ કરે પરંતુ નવી-નવી ઉપાધિઓ ઊભી કરતો હોય છે. શારીરિક-માનસિક વગેરે પીડાઓમાં ધકેલી દેતો હોય છે.

આવો જ એક ધૂર્તયોગી ભોળા શિવકુમારની અડફેટે ચઢી ગયો. પાપના ઉદયકાળમાં પડેલાને ઊભો કરનાર કોઈ નથી મળતું પણ પડતાને પાટુ મારનારા સહજ મળી જાય છે. તે સમયે એ ધૂર્તને ઓળખવાની બુદ્ધિ પણ નથી જાગતી. તેની મતિ કુંઠિત થઈ જાય છે. તે ફસાઈ જાય છે. રાંડ્યા પછી ડહાપણ આવવા જેવો ઘાટ ઊભો થાય છે. શિવકુમારને ધનવાન બનાવવાની લાલચ આપી પોતાનો સ્વાર્થ સાધવા તેને ધૂર્તયોગીએ સાથે લીધો. યોગીએ કહ્યું : જો તું મારા કહ્યા પ્રમાણે કરે તો તને ધનવાન બનાવી દઉં... **ડૂબતો માણસ તરણું પકડે** તે ન્યાયે યોગીની ઠગવિદ્યાને ન સમજી શક્યો અને તે યોગી સાથે જવા અને તેના કહેવા પ્રમાણે કરવા તૈયાર થઈ ગયો. અત્યારે તો બંને જણા હરખાય છે. બંને પોત-પોતાના સ્વપ્ન સાકાર થવાના ખ્વાબોમાં રમી-રાચી રહ્યા છે. કેટલોક સમય વીત્યા પછી યોગીએ શિવકુમાર પાસે એક મડદું મંગાવ્યું. કાળી ચૌદસનો દિવસ હતો તે દિવસે યોગીએ પોતાની સાધના કરી સિદ્ધિ પ્રાપ્ત કરવી હતી. રાત પડતાં બંને જણા મડદાને લઈ સ્મશાન ભૂમિએ પહોંચ્યા. યોગીને કહ્યાગરો ઉત્તરસાધક મળવાથી આનંદ

છે. તેને પોતાની સિદ્ધિ હવે નજીક દેખાવા લાગી.

સ્મશાન ભૂમિમાં યોગીએ એક કુંડાળુ બનાવ્યું. મડદા સહિત શિવકુમારને એ કુંડાળામાં ગોઠવી દીધાં. મડદાના હાથમાં યોગીએ તલવાર આપી. યોગીએ શિવકુમારને પણ લાલચથી ભોળવાયેલો હોવાથી યોગીના કહેવા પ્રમાણે કાર્ય ચાલું કર્યું.

બીજી તરફ યોગીએ બાજુમાં કુંડ બનાવી અગ્નિ પ્રગટાવ્યો. મંત્ર ઉચ્ચારણ પૂર્વક હોમવિધિ શરૂ કરી. યોગી તે કુંડમાં વિધવિધ દ્રવ્યોનો હોમ કરે છે. આ બધું જોતાં શિવકુમારને અનર્થની ગંધ આવવા લાગી. મનમાં વહેમ ઊભો થયો.. 'આ કપટી યોગી મને મારી નાંખી પોતાની સિદ્ધિ કરવાના દાવ-પેચ રમી રહ્યો લાગે છે, સ્મશાનમાં મદદ કરનાર કોણ મળે ? એ પણ કાળી ચૌદસની મધ્યરાત્રે ! લોકોને તો મર્યા પછી સ્મશાનમાં લવાય છે. તે પણ બાળવા માટે... મને તો મહાધૂર્ત યોગી મારી નાખવા માટે અહીં લઈ આવ્યો લાગે છે. મારા પર મોતનું સંકટ આવી ગયું છે ! બચવાનો મારી પાસે કોઈ ઉપાય નથી. કોને જઈ પોકાર કરું? સ્મશાનમાં મારો અવાજ કોણ સાંભળે ? કટોકટી દેખાતાં પિતાના શબ્દો યાદ આવ્યા. 'બેટા ! સંકટ-આફત આવી પડે... ત્યારે પંચ પરમેષ્ઠીના મંત્રનું સ્મરણ કરજે' તરત જ શિવકુમાર મોતના સંકટમાંથી ઊગરવા માટે શુદ્ધ અંતઃકરણથી-એકાગ્ર ચિત્તે નવકારમંત્રનું સ્મરણ કરવા લાગ્યો. મોત આવે ત્યારે માનવ તેનાથી બચવા કેવા હવાતિયાં મારે છે ?

**'સુખમાં સોની ને દુઃખમાં રામ'** કહેવત આનું જ સમર્થન કરે છે ને ? યોગી શિવકુમારને મારી નાંખી પોતાની સિદ્ધિ માટે પ્રયત્ન કરી રહ્યો છે. બીજી બાજુ શિવકુમાર મોતના મુખમાંથી બચવાના ઉપાય રૂપે મંત્રાધિરાજ નવકારનું સ્મરણ કરી રહ્યો છે. મોત સૌના માટે ડરામણું હોય છે. નારકી સિવાય ત્રણે ગતિના જીવોને મરવું ગમતું નથી. માત્ર નારકીઓને જ સતત મરવાનો વિચાર હોય છે. કાશ, તે અકાળે મરી શકતા નથી. માનવોમાં પણ આધ્યાત્મિક જીવન જીવતા મુનિઓ વગેરેને મોતનો ડર પણ નથી હોતો કે વધારે જીવવાની જીજીવિષા પણ નથી હોતી.તેમનો મંત્ર એક જ હોય છે. 'જીવન હશે ત્યાં સુધી આરાધના જ કરીશું. મરણ આવશે તો આરાધના જ સમાધિ મૃત્યું આપશે.' મોત ક્યારે આવશે તેનો ભરોસો-જાણકારી ન હોવાથી સતત આરાધના કરવાથી મૃત્યુ અચાનક આવી જાય તોય ગાફેલ ન રહી જવાય, છેતરાઈ ન જવાય, મોત બગડી ન જાય. કરાણ, એક વાર મોત જો બગડે તો કેટલાંય મોતને તે બગાડી નાંખે છે. મોત બગડવાથી આગામી જન્મ અને જન્મોની પરંપરાય દુર્ગતિરૂપ પ્રાપ્ત થાય છે. એમ કહી શકાય કે મૃત્યુ એ સમગ્ર જીવનની પરીક્ષા આપવાનો સમય છે. જીવન સારું જીવ્યા પણ



પરીક્ષારૂપ મૃત્યુ બગડ્યું. તેમાં પાસ ન થઈ શકાય તો નાપાસ થયેલા વિદ્યાર્થી કરતાંય ખરાબ હાલત થાય છે. કારણ, વિદ્યાર્થી નાપાસ થાય તો ફરી તે જ ધોરણમાં રહે છે, જ્યારે મોત બગડવાથી તો જીવ ઊંધે માથે દુર્ગતિમાં પટકાય છે ...! પુનઃતેને માનવનો અવતાર કે પ્રભુનું શાસન મળવું સુદુર્લભ બની જાય છે.

**(ક્રમશઃ) ધ**

## ★ પત્ર દ્વારા પાથેય

[૧] વડોદરા તા.૬.૧૦.૨૦૨૪

**આચાર્ય વિજય ભવ્યદર્શનસૂરિ તરફથી**

ધર્માનુરાગી સુશ્રાવક જીવણભાઈ, વિપુલ-ભાવેશ આદિ પરિવાર યોગ્ય ધર્મલાભ. દેવ-ગુરુ પસાયે-સુખશાતા છે

સુશ્રાવિકા વસુબેનના દુઃખદ સમાચાર ગઈકાલે મળ્યા. વચ્ચે માંદગીના સમાચાર મળ્યા હતા.

સદ્ગત પાછળ શોક ન કરશો. તેનાથી નવું શોકમોહનીય કર્મ બંધાય છે. જૈનશાસન પામેલા જીવો માટે શાસ્ત્રકાર ભગવંતો કહે છે. 'શોકના સમયે વિવેકીજીવો ધર્મના શરણે ચાલ્યા જાય. કારણ, જ્યાં સંયોગ હોય ત્યાં વિયોગ અવશ્ય હોય જ છે. સંયોગનું સુખ માણનારે વિયોગની વેદના વેઠવાની તૈયારી રાખવી જ પડે.

સૂર્યોદયની પાછળ સૂર્યાસ્ત, તડકાની પાછળ છાંયો. દિવસની પાછળ રાત, સુખની પાછળ દુઃખની જેમ સંયોગની પાછળ વિયોગ રહેલો જ હોય છે.

માનવ દેહનો ભરોસો નથી. તેથી આ શરીર પાસેથી જેટલાં ધર્મકાર્યો થાય તેટલાં કરી લેવાં. દુર્લભ માનવ જીવન ફરી ક્યારે મળે તે કહી શકાય તેમ નથી. પુણ્યના ઉદયથી મળેલી સામગ્રીને સફળ કરવા માટે સુયોગ્ય પુરુષાર્થમાં કચાશ રહી ગઈ તો આ સામગ્રી ફરી નહીં મળે.

આજના દિવસેય જે માનવ જન્મને અસંખ્ય દેવો ઝંખે છે તે માનવનો અવતાર ઉત્તમ-દેવ-ગુરુ અને ધર્મ યુક્ત મળ્યો. કોણ જાણે કેટલા ભાવ પછી અને કેટલા કાળે મળ્યો હશે. આવો દુર્લભ જન્મ મળ્યો છે. તેથી જિન ભક્તિ- ગુરુ ભક્તિ- જીવદયા - સામાયિક - પ્રતિક્રમણ - ૧૨વ્રત - ચૌદ નિયમ - નવકારમંત્રનો જાપ- સ્વાધ્યાય - વાંચન - ધ્યાન - તીર્થયાત્રાદિ વિશેષ કરવાં.

હવે સંસારના ભાવોને મનમાંથી કાઢી નાંખવા. ઘરમાં મહેમાન તરીકે રહેવું. અલિપ્ત રહેવું. જેથી નાહકનાં કર્મો ન બંધાય.

પરિવારમાં સૌને ધર્મલાભ જણાવશો. એક વાર શક્ય હોય તો બધા ભેગા થઈને આવવાનું રાખો, તો રૂબરૂમાં સારી વાતો થાય.

સાધ્વીજી ભદ્રિકાશ્રીજી આદિ તરફથી અનુવંદનાદિ.

દ.આ.વિ.ભવ્યદર્શનસૂરિના ધર્મલાભ..

[૨] **સં.૨૦૭૯, દ્વિ.શ્રા.સુ.૧૦** બોરસદ. કાશીપુરા

**આચાર્ય વિજય ભવ્યદર્શન સૂરિ તરફથી,**

વિનયાદિ ગુણોપેત મુ.શ્રી સૌમ્યભૂષણ વિ. જી યોગ્ય અનુવંદનાદિ.

તમારો દ્વિ.શ્રા.સુ.૩ નો પત્ર મળ્યો. જવાબ નીચે જણાવ્યો છે.

આજના યુગમાં ગૃહજિનાલયો બનાવવામાં બંગલાઓમાં, વિશેષ કરીને ફલેટોમાં જટિલ સમસ્યાઓ પેદા થતી હોય છે.

વાસ્તુસાર, પૂજાપ્રકરણ, શિલ્પરત્નાકર, શ્રાદ્ધવિધિ આદિ ગ્રંથોને નજર સામે રાખીને માર્ગદર્શન અપાય છે

શાસ્ત્રના તમામે તમામ નિયમ બધે સચવાતા નથી. પરંતુ તેમાં કયા નિયમોને ગૌણ કરવા તે અનુભવ અને ફળના આધારે નક્કી કરાય.

કેટલીક જગ્યાએ ખોટી દિશામાં પધરાવેલા ભગવાનના યોગે શ્રાવકની સ્થિતિ બગડ્યાના દાખલા સ્પષ્ટ જોવા મળ્યા છે. દિશા સુધાર્યા બાદ સુધારો પણ થયો છે. દા.ત. કોલ્હાપુરમાં બાબુભાઈ પરમારનું ગૃહજિનાલય...

કેટલાંક ઠેકાણે ગૃહધણીના (રાશિ નહીં) જન્મ નક્ષત્ર અને તેના ચરણના આધારે ભગવાન જોવાય, ભગવાન લેણદાર અને ગૃહસ્થ દેણદાર બને એવા ભગવાન લેવાઈ જાય તોય પરિણામ ખરાબ આવે છે. દા.ત. નિપાણીમાં તારાચંદભાઈનું ગૃહજિનાલય. હવેલી જેવા મકાનમાં રહેનારા, લાખોનું દાન કરનારા... છતાં સ્થિતિ એ આવી કે એક દિવસ આરતી ઉતારવા ઘી નહોતું ! પૂ.ગુરુદેવના કહેવાથી ભગવાન બદલ્યા પછી આજે પરિસ્થિતિ પૂર્વવત્ થઈ ગઈ!

મતલબ, એ થયો કે - શાસ્ત્રકારનાં વિધાનો ખોટાં કે વ્યર્થ નથી. એનું અણીશુદ્ધ પાલન થવું જ જોઈએ. એમાં જ સૌનું હિત સમાયેલું છે.

આ જ રીતે ભગવાનના ઉપર કોઈના પણ પગ ન આવે, અશુચિવાળી જગ્યા ન આવે વગેરે નિયમો પણ સાચવવા જ જોઈએ. છૂટછાટ આપ્યા બાદ જો કાંઈ પણ અજુગતું બને તો શ્રદ્ધા ય ડગી જવાની શક્યતા નકારી ન શકાય. ઘણા લોકો કહે જ છે કે - ઘરમંદિરવાળા ભવિષ્યમાં દુઃખી થાય છે...

કલ્પસૂત્રમાં આવતા ચમરેન્દ્રના ઉત્પાતને દૃષ્ટાંત તરીકે વિચારી શકાય કે - તેના અને સૌધર્મેન્દ્ર વચ્ચે એક રાજલોકનું અંતર હોવા છતાં, શાશ્વતી ગોઠવણ હોવા છતાં તેને ક્રોધ આવ્યો.

આ બધું વિચારતાં શાસ્ત્રના મતે અને મારા મતે ત્રાંબાની પ્લેટ વગેરેના નુસ્ખા કરવા - કરાવવા જેવા લાગતા નથી.



પ્રભુભક્તિ કરવી જ છે તો ઘર બદલી નાંખીને ગૃહજિનાલય બનાવે તે વધુ યોગ્ય લાગે છે. પોતાની સુખ-સુવિધા માટે જ અપવાદ માર્ગ કે અયોગ્ય માર્ગ અપનાવાય છે ને ? યોગ્ય માર્ગે પણ અન્ય રસ્તા નીકળે.

આ વિષયો ઘણા ગંભીર છે. તેથી ગૃહજિનાલયનું માર્ગદર્શન આપનારને આ વિષયનો પૂરો બોધ હોવો જરૂરી છે. પોતાની નિશ્રામાં કાર્ય થયાનો આનંદ લેવા માટે અપવાદ - ઉત્સર્ગને ગૌણ કરવાની વાત વ્યાજબી નથી જણાતી.

મુહૂર્તમાં ગરબડ થવાથી પણ પરિણામ વિપરીત આવે છે. ક્યારેક ગુરુ ભગવંત પોતાનો ચન્દ્ર મેળવી લે... ઘરધણીને ગૌણ કરે તે ન ચાલે. તેનાંય માઠાં પરિણામો મેં જોયાં છે. તેમનાં નામથી (ગૃહમંદિરમાં મારા જ્ઞાન - અનુભવ પ્રમાણે ગૃહ-વાસ્તુના માલિક અને ગૃહના વડીલને) મળતા ભગવાન લેવા જોઈએ. તે જ પ્રમાણે ભગવાનના પ્રવેશની દિશા - મુહૂર્તનો નિર્ણય થવો જોઈએ.

વળી, ગૃહ જિનાલય હોય કે સંઘજિનાલય... શિલ્પ વિધિવિધાન અને મુહૂર્તઃ ત્રણેનો સુમેળ કરવો જરૂરી છે. એકેયને ગૌણ ન કરવાં. આજ-કાલ સમયાભાવ વગેરેને આગળ કરીને ઉતાવળમાં નિયમો સચવાતા ન હોવાથી ઘણે ઠેકાણે ગરબડો જોવા મળે છે. પાછળથી સંઘોમાં પણ ઝઘડા, ભેદ-કલહ, ગુરુભગવંતો પ્રત્યો દ્વેષ વગેરે ઊભાં થયેલા જોવા-સંભાળવા મળે છે.

સ્પષ્ટતા થઈ ગઈ હશે? પૂછાવવા જેવું પૂછાવશો.

આરાધનામાં ઉજમાળ રહેશે.

**દ.આ.વિ. ભવ્યદર્શનસૂરિની અનુવંદનાદિ...**

[૩] **સં.૨૦૮૦, આ.વ.૫** **વડોદરા**

**આચાર્ય વિજય ભવ્યદર્શન સૂરિ તરફથી,**

વિનયાદિ ગુણોપોતા સા. શાશ્વતનિધિશ્રીજી યોગ્ય અનુવંદના.

વડીલ-ગુરુણી સહિત સર્વ શાતામાં હશો. દેવ-ગુરુ પસાયે શાતા છે. અ.વ.૯-૧૦ ની હિતશિક્ષા મળી હશે ? જવાબ આવ્યો નથી.

સંયમજીવનની તમામ ક્રિયાઓનાં આચરણ સમયે આત્માનુભૂતિ અને આનંદાનુભૂતિ થવી જોઈએ. જે ક્રિયામાં આનંદ ન આવે તે ક્રિયાનાં રહસ્યો સમજવાનો યત્ન કરશો. રહસ્યો સમજાયા પછી અવશ્ય આનંદ આવશે.

દશવૈકાલિકના કથન મુજબ 'काले कालं समायरे' તે - તે સમયે, તે તે ક્રિયા કરી લેવી. દરેક ક્રિયા ઉપયોગ પૂર્વક કરવી. ઉપયોગ વગરની, સંમૂર્ચ્છિમની જેમ ક્રિયા થાય તો એનો રસાસ્વાદ ન જ આવે. સ્વાદ વિનાનો ખોરાક રુચિકર ન બને, તેમ સ્વાદ વિનાની ક્રિયા આનંદપ્રદ ન બને. આનંદવગરની ક્રિયા વેઠ ઉતારવા જેવી જ થાય. તે ક્રિયાનું શાસ્ત્રકારે જણાવેલું પૂર્ણ ફળ ન મળે.

ઉત્તરાધ્યયનમાં જણાવ્યા મુજબ માનવતા, જિન આગમાદિ સત્શાસ્ત્રોનું શ્રવણ, તેના ઉપર પૂર્ણ શ્રદ્ધા અને સંયમનો પુરુષાર્થઃઆ અંગો દુર્લભ છે. તે ચારેની દ્રવ્યથી પ્રાપ્તિ થઈ ગઈ... હવે ત્રીજા અને ચોથા અંગને પરિણતિમાં લાવવાનાં છે. જ્ઞાન કે ચારિત્ર ગમે તેટલાં ઊંચા હોય પરંતુ જો આત્મપરિણતિ ન હોય તો મુક્તિનું કારણ નહીં બને.

ઉપદેશમાળા-પુષ્પમાળામાં મલધારી હેમચન્દ્ર સૂરિમહારાજા મુનિ જીવન માટે જણાવે છે કે - 'कसाया उक्कडा जस्स, चरित्तं तस्स उच्छुपुप्फं व' મતલબ ક્રોધ - માન - માયા - લોભ : આ ચાર કષાયોની માત્રા જો વધી ગઈ તો તેનું ચારિત્ર શેરડીનાં ફૂલમાં રૂપ-રસ-ગંધ કોઈ જ હોતાં નથી ! તેમ ચારિત્ર જીવનમાં કષાયોની માત્રા વધી જતાં તેના ચારિત્રમાં કાંઈ જ સાર રહેતો નથી. ચારિત્ર નિઃસાર થઈ જાય છે.

જેને જેને છોડીને સંયમ ગ્રહણ કર્યું છે, તેનો અભિલાષ ક્યારેય ન થવો જોઈએ. પાછું વાળીને જોવાનું પણ નથી. દુનિયાની ઊથલ-પાથલ જાણવા-વિચારવાની જગ્યાએ આત્મામાં કોઈ ઊથલ-પાથલ નથી થતી ને? તેનો સતત ઉપયોગ રાખશો.

અહીં અમારી બાજુમાં ખરતગચ્છના ઉપાશ્રયમાં રહેલાં આઠ સાધ્વીજી ભગવંતો અવાર-નવાર મળે છે. આરાધનામાં ઉજમાળ રહેશો.

**દ.આ.વિ. ભવ્યદર્શનસૂરિની અનુવંદના.**

[૪] **સં.૨૦૮૦, આ.વ.૯**

**આચાર્ય વિજયભવ્યદર્શનસૂરિ તરફથી,**

વિનયાદિ ગુણોપેતા સાધ્વીજી શરદપૂર્ણાશ્રીજી આદિ યોગ્ય અનુવંદનાદિ.

દેવ-ગુરુપસાયે સુખશાતા છે. તમારાં પૂ.ગુરુણીજીના સમાધિપૂર્ણ સ્વર્ગગમનના સમાચાર જણાવતો દુઃખદ પત્ર મળ્યો. સાથે એ વાતનો આનંદ થયો કે - તેમને મોં માંગી જગ્યાએ અને મોં માંગી સમાધિ સાથે મોત મળ્યું. ભાગ્યે જ આવી માંગ પૂરી થતી હોય છે. હા, જન્મની પાછળ અવશ્ય આવનારા મૃત્યુને અટકાવી શકાતું નથી પરંતુ તેને સુધારી જરૂર શકાય છે. પૂર્વધર મહર્ષિઓ પણ જયવીયરાય વગેરેનાં માધ્યમથી 'સમાધિ મરણ' ની પ્રાર્થના કરે છે.

વળી, સમાધિ પ્રદાન કરનારા આચાર્ય ભગવંતો, પદસ્થો, શ્રમણ-શ્રમણી ભગવંતો, શિષ્યાવર્ગ, શ્રાવક-શ્રાવિકાની અંતિમ સમયે ઉપસ્થિતિ... આ કેવો ભવ્યતમ - સુંદર યોગ ! ત્રણ લોકના જીવો માટે પરમ આસ્થાનું શંખેશ્વર ધામ ! દાદા ઉપરની તેમની અટલ શ્રદ્ધા ! જીવનની આરાધનાનું પરિણામ જ્યાં મેળવવાનું છે. એવા મોતના સમયે પાસ થવાનું કાર્ય પણ અત્યંત કપરું-દુર્લભ ગણાતું હોય ત્યાં, નિર્મોહી બનીને, શરીર-પરિવારાદિનો મોહપાશ તોડીને ૧૭ પ્રકારનાં



મોતમાંથી સારું કહી શકાય તેવું પરમસમાધિયુક્ત મૃત્યુ મેળવીને સારામાં સારા માર્કસ સાથે પાસ થવાનું સૌભાગ્ય તેઓએ પ્રાપ્ત કર્યું ! આ એક વિશિષ્ટ સિદ્ધિ ગણાય.

હા, દ્રવ્યોપચારની જગ્યાએ, દાદા પર વિશ્વાસ, દ્રવ્યોપચારને ગૌણ કરી માત્ર ભાવોપચારની જ વાત... વેદનાને શમાવવા કરતાં કર્મને ખપાવવાની જ ભાવના; મમત્વનો અભાવ થયા વગર આ પરિણામ ક્યાંથી જાગે?

અનેક પ્રકારની આરાધના-સાધના સાથે નવકાર ને શંખેશ્વર દાદાની વિશિષ્ટ ઉપાસના કામ કરી ગઈ.

મારા પૂ.ગુરુદેવ સાથે કરેલાં બે ચાતુર્માસ, મહારાષ્ટ્રનો ઘણા લાંબા સમય સુધીનો સમાગમ મને યાદ છે. ઘણીવાર તેમને સાંભળ્યા છે. તેમનો આરાધકભાવ નિહાળ્યો છે.

હવે તમે (શિષ્યાવર્ગ) તે જ માર્ગે ચાલી ગુરુ મ. નું ગૌરવ વધારશો. રાગ-દ્વેષાદિની વર્તમાનમાં ચાલતી મલીન મનોવૃત્તિની આભડછેટ ન લાગે તે રીતે ભગવાનની આજ્ઞા આપેક્ષ જીવન જીવી સ્વ-પરનું કલ્યાણ સાધો, એ જ મંગલ કામના. કામકાજ જણાવશો.

મારી પોષ દશમી હાલારી-શંખેશ્વરમાં જ છે. રોકાશો તો મળવાનું થશે. રૂબરૂમાં વધુ વાતો થશે.

**દ.આ.વિ. ભવ્યદર્શનસૂરિની અનુવંદનાદિ...**

## ★ વસતીદાન : પુણ્યનો પ્રકાર-૧ ★★★

**- શ્રી ધર્મમિત્ર**

શ્રી વર્ધમાન સ્વામીના ૧૧ ગણધર ભગવંતો પૈકી પાંચમા ગણધર ભગવંત શ્રીસુધર્મસ્વામી - રચિત શ્રીઠાણાંગસૂત્રના ૯ મા અધ્યયનમાં પુણ્યોપાર્જનના નવ પ્રકાર ગણાવ્યા છે. તેમાં ચોથા પ્રકારમાં 'વસતીપુણ્ય' ને સ્થાન અપાયું છે. અલબત્ત, સામાન્ય માનવીથી લઈ શ્રમણ-શ્રમણી ભગવંતો સુધી વસતીદાન થાય છે. તે પ્રમાણે પુણ્યની પણ તરતમતા જાણવી. શ્રમણ-શ્રમણી ભગવંતોમાંય કક્ષા પાડી શકાય.

એ જ રીતે 'સંવેગરંગશાળા' ગ્રંથમાંય બીજા દ્વાર(વિભાગ)માં વસતી દાનનો મહિમા ગાયો છે. મુખ્યત્વે તેને આંખ સામે રાખેને અહીં લેખાંકો રજૂ થશે. આજે વસતી દાન પ્રત્યે ઊપેક્ષાભાવ કે ઉદાસીનતા વધતાં જોવા મળે છે. ભૂતકાળમાં સાધુ-સાધ્વીજી ભગવંતો માટે ઉપાશ્રયો ઊભા નહોતા થતા. શ્રાવકોને ત્યાં જ, તેમના ખાલી મકાનો અથવા તેમની પૌષધશાળાઓ રહેતી... તે નિર્દોષ સ્થાનોમાં શ્રમણ-શ્રમણી ભગવંતો રોકાતા... સાધના કરતા... શ્રાવકોને-ગૃહસ્થોને નિર્દોષ

વસતીદાનનો લાભ મળી જતો, જે આહારાદિના લાભ કરતાં મોટો ગણાતો.

અજ્ઞાનતાના યોગે આજે પરિસ્થિતિ એવી આવી છે કે- આહાર-પાણી માટે પડાપડી થાય છે... પરંતુ વસતીદાન માટે મુશ્કેલી પડે છે. મુંબઈ શહેર જેવી હાલત સાધુ-સાધ્વીજીને થઈ છે. મુંબઈમાં કહેવાય છે કે - **'રોટલો મળે પણ ઓટલો ન મળે'** સાધુ-સાધ્વીજીને નિર્દોષ વસતી શોધવાનું કાર્ય આજે દુષ્કર થતું જાય છે.

વ્યવહારભાષા પણ અજ્ઞાનતાથી આવૃત્ત થઈ ગઈ છે. સાધુ-સાધ્વીજીના ઉપાશ્રય- એવા શબ્દપ્રયોગો થાય છે. હકીકતમાં સાધુ-સાધ્વીજીના ઉપાશ્રયો બોલવાથી અને એમના નિમિત્તે ઉપાશ્રયો બનાવવાથી સાધુને દોષિત ગણાય. આધાકર્માદિ દોષથી દુષ્ટ એ વસતી ગણાય. એમાં ઊતરવાથી સાધુને અતિચાર લાગે. પ્રાયશ્ચિત્ત લેવાનો વખત આવે. આનો અર્થ એ થયો કે સાધુ-સાધ્વીજી માટે મકાનો-ઉપાશ્રયો બનાવવાનાં નથી. શ્રાવક-શ્રાવિકાની આરાધના માટે બનેલા નિર્દોષ મકાનો-ઉપાશ્રયો-આરાધના ભવનો-પૌષધશાળાઓમાં શ્રમણ-શ્રમણી ભગવંતો રહે. તેના યોગે સાધુને મમત્ત્વાદિ થવાની પણ સંભાવના ન રહે.

**'એક દોષમાંથી અનેક દોષોની પરંપરા ઊભી થાય, તેમ એક ગુણની પાછળ અનેક ગુણોની શ્રેણિ રચાય.'** આ વાત દરેકે હૈયામાં કોતરી રાખવી જોઈએ. કારણ, આ વાત દરેક ક્ષેત્રમાં લાગુ પડે છે, માત્ર ધર્મક્ષેત્રમાં જ નહીં, ગુણો ગણને ખેંચે છે. તે જ રીતે દોષો દોષોને નિમંત્રે છે. ગુણ-ગુણ માટે ચુંબકનું કાર્ય કરે છે, દોષ દોષ માટે ચુંબકીય શક્તિ ધરાવે છે. એક પગથિયું ચૂકવાથી માણસ કેટલો નીચે ઊતરી જાય... ક્યાં જઈને અટકે, તે કહેવું મુશ્કેલ છે, તે જ રીતે એક પગથિયું ચઢવામાં સફળ થયેલો માનવ અનેક પગથિયાં ચઢવામાં હોંશિલો બની જાય છે, જે અંતે તેને શિખર પર પહોંચાડી દે છે.

હવે સૌ પ્રથમ યોગ્ય વસતીના અભાવમાં કેવી સ્થિતિ સર્જાય છે, તેનું અવલોકન કરીએ.

૧. વસ્તીના અભાવમાં એક જગ્યાએ મુનિની સ્થિરતા ન થવાથી ભાવનાવાળા હોવા છતાં જે તે શ્રાવકો,મુનિ પર અનુગ્રહ કરનાર ભોજનાદિ આપી શકતા નથી. મહાત્માઓને ખપે એવી સામગ્રી તૈયાર હોય, નિર્દોષ હોય... મહાત્માને જરૂર પણ હોય... છતાં સ્થાનની તકલીફના યોગે તેમને આપી શકાતી નથી. મુનિવરો લઈ શકતા નથી.

૨. અચિત્ત (નિર્જીવ), અકૃત( મુનિવર માટે નહીં બનાવેલ) અકારિત (નહીં બનાવરાવેલ), અનનુમત ( અનુમોદના પણ ન કરેલ...મતલબ, બનાવવા વગેરેની અનુમતિ આપવા જેવો દોષ પણ ન હોય તેવું) ઔષધ પણ મુનિવરો ન લઈ શકે, શ્રાવક તેમને આપી ન શકે.



૩. ભૈષજ, વસ્ત્ર, પાત્ર, કંબલ, રજોહરણ, દંડાસણ, દાંડો વગેરે ઉપકરણ ન આપી શકે.

૪.પોતાના વૈરાગ્યવાસિત, બુદ્ધિમાન પુત્ર-પુત્રીને અર્પણ ના કરી શકે.

૫.શાસ્ત્ર, પુસ્તકાદિ અધ્યયન - અધ્યાપનની વસ્તુ ન આપી શકે.

૬.અન્ય મુનિવરોને કામ આવે એવી ચીજ-વસ્તુ (ઉપકરણ) પણ ન આપી શકે.

૭.વસ્તીના અભાવે, સ્થિરતા ન કરવાને કારણે સદ્‌ગુરુની સેવાનો લાભ શ્રાવક-શ્રાવિકા ન પામી શકે.

૮.વસતી જ ન હોવાથી વ્યાખ્યાનસભા ક્યાં બેસે? તેથી પ્રવચન શ્રવણથી શ્રાવકવર્ગ વંચિત રહે, બોધ ન મળે. જ્ઞાન-જાણકારી જ ન મળે. અજ્ઞાની જીવોની હાલત કેવી થાય? સાધુની સંખ્યામાં વધારો ક્યાંથી થાય?

૯.વસતીના અભાવે મુનિવરો પણ સ્વસ્થતાપૂર્વક સ્વાધ્યાય-ધ્યાનાદિ ન કરી શકે... તેઓને વિશ્રાંતિ વગેરે ક્યાંથી મળે?

૧૦.વસતી જ ન હોય તો મુનિ રહે ક્યાં? માસકલ્પાદિ આચારપાલન કઈ રીતે કરે?

૧૧.સાધુ જ ન રહે તો આ લોક - પર લોક(ઉભયલોકમાં) હિતકારી ક્ષેત્રજન્ય ગુણોનુ; સાધુ અને શ્રાવકને કઈ રીતે કઈ રીતે પ્રાપ્ત થાય? સાધુના પક્ષે આ લોકના ગુણોમાં અશન-પાન-ખાદિમ-સ્વાદિમ:એમ ચાર પ્રકારનો પિંડ, ઔષધ-ભૈષજ્ય, વિવિધ ઉપચાર વગેરે આવે, પરલોકના ગુણોમાં; નવા ભવમાં હિતકારી એવું નિર્દોષ સંયમ પાલન, જ્ઞાન-સ્વાધ્યાય-કાઉસ્સગ્ગ-ધ્યાન વગેરે આવે છે. ગૃહસ્થના પક્ષે આ લોકના ગુણોમાં સુસાધુના સંગનો યોગ ન મળવાથી કુસંગનો ત્યાગ ન કરી શકે. કારણ, સુસાધુ અને કુસાધુની સમજ જ ન હોય તો વિવેક કેવી રીતે કરી શકે? ભેદ કઈ રીતે કરી શકે? જ્ઞાનના અભાવમાં અંદરની આંખ બંધ હોવાથી અંધકાર હોય છે. ગૃહસ્થના પક્ષે પરલોકના ગુણ તરીકે સદ્ધર્મનું (સત્શાસ્ત્રોનું) શ્રાવણ વગેરે કે જેનાથી ભાવિ અનેક જન્મો સુધરી શકે - તે સમજવા.

૧૨.સાધુ મન-વચન-કાયાથી સ્વયં ઘર બાંધતા નથી. બંધાવતા નથી અને અન્ય જીવો બાંધતા હોય તો તેની અનુમોદના પણ કરતા નથી. તેનું કારણ, સામાન્ય ઝુંપડી જેવું ઘર પણ છ કાયના (સૂક્ષ્મ-બાદર) જીવોની હિંસા વિના બંધાતું નથી. તેથી કહેવાયું છે કે - જીવોની હિંસા કર્યા વિના ઘર અને તેની રક્ષા માટે વાડ (કંપાઉન્ડ) વગેરે કઈ રીતે થઈ શકે? હિંસાવાળા આવાં કાર્યો કરે તો સંયમથી ભ્રષ્ટ થઈ અસંયમમાં પડે. માટે પોતાના માટે તૈયાર કરવામાં આવેલ ઘર-મકાન મહાત્માઓને કામ ન આવે. મતલબ, પોતાના માટે તૈયાર કરાવેલ-કરેલ મકાન વાપરે તો પોતાની પ્રતિજ્ઞાનો ભંગ થાય. **(ક્રમશઃ)** ધ

# ....તેનાથી શું લાભ ?

**अर्थेण किं कृपणहस्तमुपागतेन ?**

**शास्त्रेण किं बहुशठाचरणाश्रितेन ?**

**रुपेण किं गुणपराक्रम-वर्जितेन ?**

**मित्रेण किं व्यसनकालमनागतेन ?**

કૃપણના હાથમાં ધન આવે તો શું લાભ ? શઠતા ૂર્વકના ચારિત્રીના હાથમાં શાસ્ત્ર આવી જાય તો શું લાભ ? ગુણ-પરાક્રમ વગરના માણસને રૂપ સારું મળે તો શું લાભ ? અને દુઃખના સમયે સાથ ન આપે તેવા મિત્રથી શું લાભ ? કાંઈ જ નહીં.